## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




ન પકડાય તેને ગોળીએ દો, પકડાય તેનું ખસીકરણ કરી નાખો અને બાકીનાઓને રેડીયો કોલર લગાવી છોડી મુકો... દીપડા મુક્ત વ્યવસ્થા માટે આમ જ કરવું પડે...!!

# રૂપાલ ગામની સીમમાંથી જુગાર રમતા ૧૧ શકુનીઓ ઝડપાયા

ગાંધીનગર, તા.૧૩

રૂપાલ ગામની સીમમાં આવેલા વાલરીયુ તળાવ નજીક કપાસના ખેતરમાં જાહેરમાં જુગાર રમતા ૧૧ શકુનીઓ પેથાપુર પોલીસના હાથે ઝડપાઈ ગયા છે. જુગારીઓની અંગજડતી અને દાવ પરથી રૂ.૧,૦૪,૧૩૦, મોબાઈલ નંગ-૧૦ કિં.રૂ.૭૦,૦૦૦, બાઈક અને એકટીવા મળી કુલ ૮ વાહનો કિં.રૂ.૧,૦૫,૦૦૦ મળી કુલ રૂ. ૨,૭૯,૧૩૦ નો મુદ્દામાલ સાથે પકડી પાડી તમામ ઈસમો સામે જુગારધારાનો ગુનો નોંધી કાયેદસરની કાર્યવાહી પીએસઆઈ એ.જી.એનુરકારે હાથ ધરી છે.

ચિલોડા પોલીસ મથકના પીએસઆઈ એ.જી.એનુરકાર તેમજ પો.કો.ધિરેન્દ્રસિંહ બહાદુરસિંહ, અલ્પેશસિંહ દશરથસિંહ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન બંન્ને પોલીસ જવાનોને સંયુકત બાતમી મળી હતી કે રૂપાલ ગામની સીમમાં વાલરીયુ તળાવ પાસેના કપાસના ખેતરમાં જાહેરમાં ખુલ્લી જગ્યામાં કેટલાક શખ્સો જુગાર રમી રહ્યા છે. જેને પગલે પોલીસે બાતમીવાળી જગ્યાએ રેઈડ પાડીને જુગાર રમતા ૧૧ શખ્સોને દબોચી લીધા હતા. જેમાં દર્શન વિષ્ણુભાઈ પટેલ, વશિષ્ઠ સુનિલ પટેલ, કનુ બળદેવ પટેલ, અશ્વિન બળદેવ પટેલ, અજય ગોવિંદ પટેલ, દેવાંગ દશરથ પટેલ, વિપુલસિંહ વિક્રમસિંહ ચાવડા, કેતન કનુ પટેલ, આશિષ ભરત પટલે તમામ રહે. રૂપાલ ગામ, પ્રકાશ અરવિંદ પટેલ, અજય શકરાભાઈ પટેલ રહે.સરઢવ નો સમાવેશ થાય છે. પોલીસે જુગારીઓ પાસેથી રોકડ રકમ, મોબાઈલ ફોન, વાહનો મળીને કુલ રૂ.૨,૭૯,૧૩૦ નો મુદ્દામાલ કબ્જે કરી તમામ આરોપીઓ સામે જુગારધારનો કેસ નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.



# બિન સચિવાલય પરીક્ષાના ઉમેદવારોની ૧૬મીથી પુનઃ આંદોલનની ધમકી

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર શહેરમાં આગામી તા. ૧૬ થી ફરીવાર બિન સચિવાલય પરીક્ષા રદ કરવાની માંગ સાથે ઉમેદવારો નગરના માર્ગો પર ઉતરી પડશે. પ્રતિનિધી મંડળને આપેલી સમય મર્યાદા કરતા સીટની ધીમી ગતિએ ચાલતી કામગીરીથી ઉમેદવારોમાં રોષ ભભુકી ઉઠ્યો છે. ત્યારે સોમવારથી ફરીવાર બિન સચિવાલયના યુવા નેતાઓ હજ્જારોની સંખ્યામાં ઉમેદવારોને લઈ પરીક્ષા રદ કરવાની માંગ સાથે આંદોલનના ફરીવાર શ્રી ગણેશ કરશે.

બિન સસિવાલય પરિક્ષા રદ કરવા મુદ્દે દશદિવસ અગાઉ જોરદાર આંદોલન ઉમેદવારો દ્વારા ચલાવાયું હતું. સરકાર ઉમેદવારોના આંદોલનને પગલે ભીંસમાં આવી હતી. ઉમેદવારોના પ્રતિનિધી મંડળને સીટની રચના કરીને ન્યાયીક તપાસની ખાતરી આપી આંદોલન આટોપી લેવડાવ્યું હતું. જેથી આંદોલનકારીઓમાં પણ બે ભાગ પડી ગયા હતા. શહેરના ઘ-૪ સ્વર્ણીમ પાર્ક ખાતે ઉપસ્થિત કેટલાક ઉમેદવારોને આ સીટની રચના મંજુર ન હતી અને પરીક્ષા રદ કરો એ જ મુખ્ય મુદ્દો હતો. તેમ છતા ગાંધી ચિંધ્યા માર્ગે કેટલાક ઉમેદવારો ત્યાં સ્થળ પર જ હાજર છે અને પ્રતિક ઉપવાસ, પોસ્ટકાર્ડ લેખન, સુત્રોચ્ચાર, રામધુન, વ્હીસલબ્લોઈંગ સહિત મહાત્મા ગાંધી, સરદાર પટેલ અને ડો.બાબા સાહેબ આંબેડરના જીવન અને રાષ્ટ્રના નિર્માણ માટેના યોગદાન વિશે ઉમેદવારો વિચારોની અભિવ્યકિત કરી રહ્યા છે. હાલના સમયે પણ આંદોલન સ્થળ પર કેટલાક ઉમેદવારો પરીક્ષા રદ કરવાની માંગ સાથે અડગ મન સાથે ધરણા પર બેઠા છે. ત્યારે ઉમેદવારોના આગેવાન બનેલા યુવરાજસિંહ અને તેમની ટીમના સભ્યોએ ગાંધીનગર સમાચાર સાથેની વાતચીતમાં જણાવ્યું છે કે સરકાર દ્વારા સીટની રચના કરાઈ છે, પરંતુ સીટની ધીમી કામગીરીથી તેમના મનમાં રોષ ભભુકી ઉઠ્યો છે. એટલે ફરીવાર તા.૧૬ ને સોમવારથી હજ્જારો ઉમેદવારોની સાથે ફરીવાર પરીક્ષા રદ કરોના નારા સાથે શહેરના માર્ગો પર આંદોલન કરવા જઈ રહ્યા છીએ અને પરીક્ષા સરકાર દ્વારા રદ કરવામાં આવશે ત્યારબાદ જ આંદોલન સમેટવામાં આવશે.

# પેથાપુર ચોકડી પાસેથી દારુ ભરેલી બોલેરો ગાડી ઝડપાઈ

ગાંધીનગર, તા.૧૩

હરીયાણા રાજસ્થાન તરફથી બોલેરો ગાડીમાં વિદેશી દારુનો જથ્થો ભરીને લઈ આવતા બે શખ્સોને એલસીબી પોલીસે પકડી પાડ્યા છે. પોલીસે બોલેરો ગાડીમાંથી વિદેશી દારુની બોટલ નંગ-૧૬૮ કુલ કિં.રૂ.૧,૩૯,૨૦૦ તેમજ બોલેરો ગાડી-મોબાઈલ મળીને કુલ રૂ. ૪,૫૦,૭૦૦ નો મુદ્દામાલ કબ્જે પ્રોહિએકટ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ગતરોજ એલસીબીના પીએસઆઈ વી.કે.રાઠોડ, પી.ડી.વાઘેલા સહિત ટીમના જવાનો સાથે પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન અ.હે.કો.કેવલસિંહ અનોપસિંહને ખાનગી રાહે મળેલી બાતમીને પગલે વોચ કરી બેઠા હતા. જેને પગલે મહુડી તરફથી વિદેશી દારુનો જથ્થો ભરી લઈ આવતી એક સફેદ કલરની બોલેરો ગાડી નં જી.જે.૦૧.આર.યુ.-૩૨૩૬ને પકડી પાડી હતી અને તેમા બેઠેલા મોહનલાલ માનારામજી જાટ (ઉં.વ.૩૨ રહે.કોટડા રાજસ્થાન), ડાલુરામ ટીકમારામ જાટ (ઉં.વ.૨૨, રહે.કોટા રાજસ્થાન)ને પકડી પાડ્યા હતા. પોલીસે ગાડીમાં ચકાસણી કરતા ગાડીમાં પાછળના ભાગે બંન્ને સીટોની નીચે ફોલ્ડીંગ પતરુ મુકીને અંદર ખાનું બનાવ્યું હતું. પોલીસે આ ખાનામાંથી વિવિધ બ્રાન્ડની વિદેશી દારુની નંગ-૧૬૮ કુલ કિં.૧,૩૯,૨૦૦, મોબાઈલ નંગ-૪, બોલેરો ગાડી મળીને કુલ રૂ. ૪,૫૦,૦૦૦ હજારના મુદ્દામાલ સાથે પકડી પાડી પોલીસે દારુનો જથ્થો ભરી આપનાર તેમજ મંગાવનાર સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# રવિવારે ગુજરાતી ભાષામાં ‘વિશેષણની વિશેષતા’ વિષયે અભ્યાસ વર્ગનું આયોજન

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગરમાં ગુજરાતી ભાષાના સંવર્ધન સંરક્ષણ અને ભાષા સજ્જતા માટે કાર્યરત માતૃભાષા ગૌરવ પ્રતિષ્ઠાન દ્વારા તા. ૧૫મી ડિસેમ્બર રવિવારે બપોરે ૩ થી ૫.૩૦ કલાક દરમિયાન સે-૨૦માં ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના સમિતિ ખંડ ખાતે ‘વિશેષણની વિશેષતા’ વિષયે એક અભ્યાસવર્ગનું આયોજન કરવામાં આવ્યું છે. આ અભ્યાસ વર્ગમાં ગુજરાતી ભાષાના પ્રખર ભાષાવિદ્, આજીવન શિક્ષક અને લેખક મહેસાણાના જેઠાભાઈ પટેલ અભ્યાસુઓને માર્ગદર્શન આપશે. આ વિષયે રસ ધરાવતા વિદ્યાર્થીઓ, શિક્ષકો, લેખકો, પત્રકારો અને ભાષા પ્રેમીઓને ભાગ લેવા જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં ભાગ લેવા માટે કાર્યશાળાના સંયોજક સંજય પંડયાના મો.નં. ૯૮૨૫૭ ૦૯૭૭૮ પર વ્હોટસએપથી મેસેજ કરવા અખબારી યાદીમાં જણાવાયું છે.

# ગાંધીનગર એલ.સી.બી. પોલીસે ગણતરીના કલાકોમાં અપહરણકારોને પકડી પાડ્યા

ગાંધીનગર, તા.૧૩

વૈષ્ણોદેવી સર્કલ થી એક વ્યકિતનું વેગનઆર કારમાં અપહરણ થયાનો મેસેજ જિલ્લા કંટ્રોલરૂમમાંથી ગાંધીનગર એલસીબી ટીમને મળ્યો હતો. જે મેસેજને પગલે ટીમે ગણતરીના કલાકોમાં નારદીપુર-કલોલ માર્ગ પરથી વેગનઆર કાર સહિત ત્રણ અપહરણકારોને પકડી પાડી સલામત રીતે અપહ્યત વ્યકિતને છોડાવી એલસીબી પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

આજે એલસીબી પોલીસને કંટ્રોલરૂમમાંથી મેસેજ મળ્યો હતો કે એક વેગનઆર કારમાં એક વ્યકિતનું અપહરણ થયેલ છે અને આ ગાડી વૈષ્ણોદેવી સર્કલથી શેરથા ટોલટેક્ષ તરફ ગઈ છે. જેને પગલે તાત્કાલીક એલસીબી પીએસઆઈ વી.કે.રાઠોડને જરુરી સુચના અને માર્ગદર્શન આપી કારનો પીછો કરી ભોગ બનનાર વ્યકિતને ઝડપી મુકત કરાવી આરોપીઓને પકડી પાડવા માટે જણાવ્યું હતું. જેથી ટીમના સભ્યો એલસીબી પોલીસ મથકની રવાના થયા હતા. કંટ્રોલના મેસેજને આધારે ગાડીને પકડી પાડવા માટે કલોલ-અડાલજ વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી. તે સમયે સફેદ કલરની વેગનઆર ગાડી ટીંટોડાથી કલોલ તરફ આવી રહી છે તેવી બાતમી પોલીસને મળી હતી. જેને પગલે તે તરફ પેટ્રોલીંગ રાખતા નારદીપુર નજીક આવતા વેગનઆર ગાડી પાછળથી આવી સરકારી ગાડીની ઓવરટેક કરીને જતી રહી હતી. જેથી એલસીબી પોલીસે કારનો પીછો કરી આગળ જઈને આંતરી પાડી હતી. આ કારમાં ત્રણ ઈસમો બેઠા હતા, જેમાં વચ્ચે બેઠેલ વ્યકિતને પોલીસે નામ પુછતા વિપુલ બિજલભાઈ દેસાઈ (રહે.શેડફા ગામ તા.કડી. જી.મહેસાણા) અને આ શખ્સોએ પોતાનુ અપહરણ કર્યુ હોવાનું જણાવ્યું હતું. એલસીબી કચેરી ખાતે વેગનઆર જી.જે.૦૨. ડી.એ. -૩૮૬૩ ની સાથે શખ્સોની પુછતાજ કરતા અંકિત ઉર્ફે અક્કી રાજેન્દ્ર પટેલ (ઉં.વ.૨૪ રહે. પશુદવાખાનાની પાછળ સાલડી ગામ મહેસાણા), ભાવિક બાબુજી ઠાકોર (ઉં.વ.૨૦, દેરાસરવાસ સાલડી ગામ) તેમજ મહેશ કાળુ ભરવાડ (ઉં.વ.૨૧ રહે. કોઠા ગામ તા.કલોલ જી.ગાંધીનગર મુળ રહે. સીતાપુર ગામ તા.માંડલ) હોવાનું જણાવ્યું હતું. ત્રણેય શખ્સોની ઉંડાણપૂર્વક પુછતાજ કરતા તેમણે જણાવ્યું હતું કે સાલડી ગામે ભાડેથી રહેતા “બાપુ” એ પોતાની ઓળખ પીએસઆઈ તરીકે આપી હતી, અને તેઓએ વિપુલ દેસાઈને ઉઠાવી લાવવા માટે કહીને વેગનઆર ગાડી અને તેમજ હથીયાર (રીવોલ્વર જેવું દેખાતુ) આપ્યુ હતું. જેને પગલે વિપુલ દેસાઈનું અપહરણ કર્યુ હતું અને હથિયાર માર્ગમાં ફેંકી દીધુ હતુ.



## ઈન્દ્રોડા પાર્ક ખાતે યોગ અને પ્રકૃતિ શિક્ષણ શિબિર યોજાઈ

વી કેર ફાઉન્ડેશનના ચેરમેન અને યોગ મોટિવેશન નિષ્ણાંત જે.સી. પટેલ તથા કંબોજ સાહેબની રાહબરી હેઠળ ઈન્દ્રોડા પાર્ક ખાતે યોગ અને પ્રકૃતિ શિક્ષણ શિબિર યોજાઈ હતી. જેમાં વિદ્યાર્થીઓને વિવિધ પ્રકૃતિ શિક્ષણ અને યોગની ટીપ્સ શીખવી જરૂરી માર્ગદર્શન પુરૂ પાડ્યુ હતુ.


ક્લાઇમેટ ચેન્જ વિભાગ
ગુજરાત સરકાર



રાષ્ટ્ર ઉજવે છે
ઊર્જા બચત દિવસ
૧૪ ડિસેમ્બર, ૨૦૧૯
એક નવી આદત બનાવો - ઊર્જા બચાવો

ઊર્જા બચાવવા આટલુ જરૂર કરો.
- જરૂર ના હોય ત્યારે લાઈટ તથા પંખા બંધ કરો.
- સામાન્ય ચોકવાળી ટ્યુબલાઈટ વાપરવાને બદલે એલ.ઈ.ડી. ટ્યુબલાઈટ વાપરો. ૫૦% થી વધુ ઊર્જા બચશે.
- સાદા પંખા વાપરવાને બદલે બી.ઈ.ઈ. માન્ય ફાઈવ સ્ટાર પંખા વાપરો. ૫૦% જેટલી વીજળી બચશે.
- ઊર્જા બચત માટે તમારા એરકન્ડિશનર નુ તાપમાન 24°C સેટ કરો, કોમ્પ્રેસર ઓછા સમય માટે ચાલશે – ઊર્જા બચશે.
- ડબલડોર રેફ્રિજરેટર કરતા સીંગલડોર રેફ્રિજરેટર ઓછી ઊર્જા વાપરે છે, આથી જરૂર હોય તેટલી કેપીસીટી નું જ રેફ્રિજરેટર વસાવો.
- ટીવી, સેટ-ટોપ બોક્ષ, મોબાઈલ ચાર્જરને રીમોટને બદલે સ્વીચ થી બંધ કરો, ઊર્જા બચશે.
- ટપકતા નળ જલ્દીથી રીપેર કરાવો. પાણી, ઊર્જા તથા નાણા બચશે.
- ઓફિસ કે કોઈ પણ કામે જતા હોય ત્યારે પબ્લિક ટ્રાન્સપોર્ટ કે કાર પુલિંગનો ઉપયોગ કરો.
- બેટરી ઓપરેટેડ વાહનો વાપરો.
- સુર્યકુકર, સોલર રૂફટોપ સિસ્ટમ તથા સોલાર વોટર હિટર વાપરો.
- સ્વચ્છ પર્યાવરણ માટે વધુમાં વધુ વૃક્ષ વાવો.
- સ્ટાર લેબલ વાળા સાધનો ખરીદો. વધુ સ્ટાર વધુ ઊર્જા બચત.
- ઊર્જા બચત આપણી જવાબદારી જ નહી પરંતુ કર્તવ્ય પણ છે તેને આપણા રોજિંદા જીવનમાં વણી લઈએ.

આવો સૌ સાથે મળીને ઊર્જા બચાવીએ...
પર્યાવરણ બચાવીએ... નાણા બચાવીએ...

GEDA
ગુજરાત ઊર્જા વિકાસ એજન્સી
GUJARAT ENERGY DEVELOPMENT AGENCY

ગુજરાત ઊર્જા વિકાસ એજન્સી, ઉદ્યોગ ભવન, બ્લોક નં. ૧૧-૧૨, ચોથો માળ, ગાંધીનગર.
સંપર્ક : ફોન : ૦૭૯-૨૩૨૫૭૨૫૧, ૫૩ • ઈ-મેલ : director@geda.org.in
www.geda.gujarat.gov.in

MORE STAR MORE SAVING
POWER SAVINGS GUIDE
ENERGY EFFICIENCY
Service Value - 5.2*